રાજ્યકક્ષાની વેઈટલીફટીંગમાં ૨૦૦ કિલો ઊંચકી ગોલ્ડમેડલ

તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલ ગુજરાત સ્ટેટ ડેડ લીફ્ટ ચેમ્પિયનશીપ-૨૦૧૮-૧૯માં ૭૪ કિગ્રા કેટેગરીમાં ગાંધીનગરના અભિષેક પટેલે કુલ ૨૦૦ કિલોગ્રામ વેઈટ લીફ્ટ કરીને પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડમેડલ હાંસલ કર્યો છે. અભિષેક પટેલને આ સિદ્ધિ બદલ સ્નેહીજનો તથા રમતપ્રેમીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યાં છે.

શહેરી બસ સેવા સર્વિસ દ્વારા આર્યુવેદિક કોલેજનો રૂટ શરૂ કરવા લોકમાંગ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરી બસ સેવા સર્વિસ દ્વારા શહેરી વિસ્તાર અને આસપાસના મોટા ગામડાઓમાં બસ સેવા કાર્યરત છે. તે ઉપરાંત અડાલજ, ચિલોડા અને ચાંદખેડાના મુસાફરો વધુ હોવાથી આ રૂટમાં શહેરી બસ સેવા વધુ દોડાદોડી કરતી નજરે પડે છે. ત્યારે કોલવડા આર્યુવેદિક કોલેજ તરફ બસ સેવા નહીંવત છે. જેને પગલે દર્દીઓ અને નાગરીકો આર્યુવેદિક હોસ્પિટલની સેવાથી વંચિત રહેવા પામ્યા છે. ત્યારે આર્યુવેદિક હોસ્પિટલ તરફની બસ સેવા શરુ કરવા નગરજનોમાં માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામમાં આર્યુવેદિક મેડીકલ કોલેજ અને હોસ્પિટલ સ્ટેટ લેવલની તૈયાર કરવામાં આવી છે. પરંતુ વાહન વ્યવહાર નહીંવત હોવાથી દર્દીઓને ભારે પરેશાની વેઠવી પડે છે. વાહનોની અછતને પગલે દર્દીઓ આર્યુવેદિક સેવાથી પણ વંચિત રહેવા પામે છે. આધુનિક ટેકનોલોજીથી સજ્જ હોસ્પિટલમાં વર્ષ દરમિયાન જેટલા દર્દીઓએ લાભ લેવો જોઈએ તેના કરતા ઓછા દર્દીઓ નોંધાયા છે. આર્યુવેદિક કોલેજ તરફનો વાહન વ્યવહાર ન હોવાથી દર્દીઓ તેમજ નાગરીકોને સ્પેશીયલ રીક્ષા કરવાની ફરજ પડે છે,જેથી આર્થિક ભારણ પણ વધી જાય છે. ત્યારે થોડા સમય પહેલા લોકમાંગને ધ્યાને રાખીને શહેરી બસ સેવા દ્વારા આર્યુવેદિક કોલેજની બસ સેવા શરુ કરવામાં આવી હતી. નાગરીકો તેમજ દર્દીઓ લાભ પણ લઈ રહ્યા હતા, ત્યાં અચાનક માત્ર ત્રણ દિવસમાં આ સેવા બંધ કરી દેવામાં આવી છે.ત્યારે સરઢવ, નારદીપુર કે રૂપાલ જતી કેટલીક બસને વાયા કોલવડા આર્યુવેદિક કોલેજ થઈને જાય તો દર્દીઓને તેમજ નગરજનોને લાભ મળી શકે છે. આ આર્યુવેદિક કોલેજ રૂટની બસ સેવા શરુ કરવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

વાઘ આવ્યો રે વાઘ... એક, બે નહીં પણ ચાર ચાર વાઘ ગાંધીનગરમાં ઘુસ્યાં..!!!

સોશ્યલ મિડીયા પર વાઈરલ થયેલ ''ફેક ન્યૂઝે'' ભારે કુતુહલ સર્જ્યું

ગાંધીનગર, તા. ૩૧

વાઘ આવ્યો રે વાઘ આવ્યો..!!! ગાંધીનગરમાં એક, બે કે ત્રણ નહી પરંતુ ચાર ચાર વાઘ ઘુસી આવ્યાં છે અને વાઘો ૨ વ્યક્તિ તથા એક ગાય અને વાછરડીને પણ ખાઈ ગયાં છે. ચાર વ્યક્તિઓ ઘાયલ થતાં દવાખાનામાં દાખલ કરવી પડી છે અને વાઘોને કાબુમાં લેવા પોલીસે ફાયરીંગ કરવું પડ્યું છે. આ પ્રકારના સમાચાર વિડીયો-તસવીરો સાથે સોશ્યલ મિડીયામાં વાઈરલ થતાં રાજ્યના કેટલાક દૂર દૂરના સ્થળોએથી નાગરિકો ગાંધીનગરમાં વસતા પોતાના સગા-સંબંધીઓ-સ્નેહીજનોને ફોન કરી ખબર પૂછી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે દિવાળી પર જ સચિવાલયમાં ઘુસેલા દીપડાંએ ભારે ચકચાર જગાવી હતી.

સોશ્યલ મિડીયા એ અત્યંત ઝડપી અને ખૂબ જ મજબૂત માધ્યમ છે જેના થકી દુનિયાભરના સમાચાર પળવારમાં પ્રાપ્ત થઈ શકે છે અને આપત્તિના સમયે ઝડપથી બચાવકાર્ય પણ થઈ શકે છે. જો કે દુર્ભાગ્યવશ આ સશક્ત માધ્યમનો ઉપયોગ કરતા દુરૂપયોગ વધુ થઈ રહ્યો હોય તેવું પ્રતિત થાય છે અને રોજેરોજ 'ફેક ન્યુઝ'ના કારણે હવે સાચા સમાચારનો પણ કોઈ ગંભીરતાથી ના લે તેવી પરિસ્થિતિ સર્જાવા પામી છે. છેલ્લાં બે દિવસથી ગાંધીનગરમાં ચાર વાઘ ઘુસ્યા હોવાના ફેક ન્યુઝ પણ સોશ્યલ મિડીયા પર વાઈરલ થતાં કુતુહલ ફેલાયું છે. જોકે આ ફેક ન્યુઝ ફોરવર્ડ કરનાર કે તેને ગંભીરતાથી લેનાર એટલો પણ તર્ક નથી લડાવતા કે ગુજરાતમાં એક પણ વાઘ નથી. આ રીતે જ જો સોશ્યલ મિડીયા પર અફવાઓ ફેલાતી રહેશે તો સાચેસાચ વાઘ ઘુસી આવશે ત્યારે પેલી વાર્તાની જેમ ''વાઘ આવ્યો રે વાઘ'' જેવી પરિસ્થિતિ સર્જાતા વાર નહી લાગે..!!!

નાટક ''અવસર એક સુખનો''ના શહેરમાં પાંચ પ્રયોગ યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી દ્વારા યુવા પ્રતિભાશાળી દિગ્દર્શક યોજના હેઠળ ગાંધીનગરની યુવા અભિનેત્રી તથા દિગ્દર્શિકા વિવેકા પટેલ દિગ્દર્શિત નાટક ''અવસર એક સુખનો''નું શહેરમાં તા. ૩જી ફેબ્રુઆરીથી તા. ૮મી ફેબ્રુઆરી દરમ્યાન વિવિધ સ્થળે કુલ પાંચવાર મંચન યોજાશે.

ગુજરાત સરકાર દ્વારા સંગીત નાટ્ય અકાદમીના નેજા હેઠળ રાજ્યમાં અભિનય-દિગ્દર્શન કલા ક્ષેત્રે યુવા પ્રતિભાઓને તક આપી વિકસાવવા પ્રયાસ કરાય છે. આ અંતર્ગત ગાંધીનગરની યુવા અભિનેત્રી-દિગ્દર્શિકા દ્વારા દિગ્દર્શિત નાટક ''અવસર એક સુખનો''ની પસંદગી કરવામાં આવી છે. આ નાટક ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર ડૉ. કનૈયાલાલ ભટ્ટ દ્વારા લખવામાં આવ્યું છે. આ નાટકનુ તા. ૩જીથી ૮મી ફેબ્રુઆરી દરમ્યાન શહેરમાં વિવિધ સ્થળે પ્રયોગો યોજાશે.

''અવસર એક સુખનો'' નાટકમાં ગાંધીનગરના વરિષ્ઠ અભિનેતા હસમુખ મેકવાન ઉપરાંત વિવેકા પટેલ, વિનય મિસ્ત્રી, ચંદ્રેશ કરોલીયા તથા પ્રિતી પટેલે અભિનયના અજવાળાં પાથરી રહ્યાં છે. જ્યારે સંગીત સંકલન સંચાલન બોની પંચાલ, પ્રકાશ આયોજન શિવાંગ રાવલ, મેકઅપ વિનોદ નાયી, સેન્ટીંગ્સ નૈનિક દેસાઈ, દિપક સુથાર તથા નેપથ્યની સેવાઓ ધ્રુવીલ પટેલ આપી રહ્યાં છે. ''અવસર એક સુખનો'' એક પારિવારિક સંવેદના વ્યક્ત કરતું નાટક છે જે થકી વિવેકા પટેલ દિગ્દર્શન ક્ષેત્રે પદાર્પણ કરી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે વિવેકા પટેલ અનેક ગુજરાતી ફિલ્મો-શોર્ટ ફિલ્મો, ટીવી સિરિયલ્સમાં કામ કરી ચુક્યાં છે. જેમાંથી તાજેતરમાં તેમની ગુજરાતી ફિલ્મ ''સાહિલ'' હતી અને આગામી ગુજરાતી ફિલ્મ ''ફેકબુક''માં પણ તેઓ મહત્વનું પાત્ર ભજવી રહ્યાં છે.

નાટક ક્યારે ક્યાં યોજાશે ?

- ૩જી ફેબ્રુઆરી રવિવારે સવારે ૧૦ કલાકે સરકારી પ્રાથમિક શાળા, બોરીજ
- ૫મી ફેબ્રુઆરી-મંગળવારે સવારે ૧૦ કલાકે સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૧૬
- ૫મી ફેબ્રુઆરી-મંગળવારે બપોરે ૩ કલાકે સરકારી પ્રાથમિક શાળાનં. ૨, સેક્ટર-૧૩
- ૭મી ફેબ્રુઆરી-ગુરૂવારે રાત્રે ૮ કલાકે ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેક્ટર-૭
- ૮મી ફેબ્રુઆરી-શુક્રવારે બપોરે ૩ કલાકે જે.ડી.એમ એન્ડ એચએનજે હાઈસ્કૂલ, કોબા

ગોઝારીયા નજીક આવેલા સમૌ ગામે આવેલા શ્રી છબીલા હનુમાનજીના સાનિધ્યમાં તાજેતરમાં ભારતીબાપુની વ્યાસપીઠે ભવ્ય સુંદરકાંડના પાઠ યોજાયો હતો. જેમાં ભકતો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા અને દાદાના પ્રસાદનો પણ લાભ લીધો હતો.

ગાંધીનગરના કરાટે ખેલાડીઓનો જોધપુરના ધર્માલયમાં દબદબો

ગાંધીનગરના કરાટેના ખેલાડીઓએ તાજેતરમાં જોધપુરના ધર્માલય ખાતે યોજાયેલ ૧૧મી સ્ટેટ લેવલ કરાટે સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાંથી ૯ ખેલાડીઓએ મળીને ૪ ગોલ્ડ અને ૫ સિલ્વર મેડલ્સ પ્રાપ્ત કર્યા છે. એડવાન્સ ટેલફૂડો માર્શલ આર્ટની આ સ્પર્ધામાં દીપ કાપડીયા, ઋષિક કાપડીયા, નંદીશ શાહ અને મૈત્રી હાપાનીને ગોલ્ડ જ્યારે પાર્થ કાપડીયા, જીત વ્યાસ, નૈશલ રાજપૂત, સૌરવ ચાવડા અને સૌમ્ય મોદીને સિલ્વર મેડલ્સ પ્રાપ્ત થયાં છે. તમામ ખેલાડીઓને મેડલ્સ ઉપરાંત બ્લેક બેલ્ટ સર્ટિફિકેટથી સંસ્થાના પ્રમુખ ફાલ્ગુન શાહ દ્વારા સન્માનિત કરાયાં હતા.

અલ્પેશ સહિત કોંગ્રેસના બે ધારાસભ્યો મુખ્યમંત્રીને મળ્યા

ચર્ચાઓના દોર વચ્ચે અલ્પેશ ઠાકોરે ફરી એક વખત સ્પષ્ટ કર્યું કે, આ માત્ર ઔપચારિક અને સૌજન્ય મુલાકાત હતી

ગાંધીનગર,તા.૩૧

કોંગ્રેસના બે ધારાસભ્યોએ અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાએ આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે મુલાકાત કરતા અલ્પેશ ભાજપમાં જોડાઈ રહ્યો હોવાની અટકળો અને તર્ક-વિતર્કો વધુ તેજ અને વેગવંતા બન્યા હતા. અગાઉ પણ એકતા યાત્રા દરમિયાન અલ્પેશ ઠાકોરે ભાજપના નેતા શંકર ચૌધરી સાથે પણ મુલાકાત કરી હતી. આ દરમિયાન પણ અટકળો હતી કે અલ્પેશ ઠાકોર ભાજપમાં જોડાઈ રહ્યો છે. જો કે, બાદમાં તેણે સ્પષ્ટતા કરી હતી આ ફક્ત ઔપચારિક અને સૌજન્ય મુલાકાત હતી. હવે ફરી એકવાર અલ્પેશ ઠાકોરે મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી કોંગ્રેસની છાવણીમાં વિવાદ છેડયો છે. તો, ભાજપના વર્તુળમાં પણ આ મુલાકાતને લઈ ચર્ચા તેજ બની છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, કોંગ્રેસના યુવા ધારાસભ્ય અલ્પેશ ઠાકોર બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાને સાબરકાંઠા પોલીસ પરેશાન કરતી હોવાથી રજૂઆત કરવા માટે મુખ્યમંત્રી રૂપાણીને મળ્યા હતા. આ મામલે બંને ધારાસભ્યોએ સીએમ રૂપાણી સમક્ષ રજૂઆત કરી કે, પોલીસ તેમની ખોટી હેરાન કરવાનું બંધ કરે. મુલાકાત દરમિયાન સીએમ રૂપાણી અને અલ્પેશ ઠાકોર વચ્ચે અડધી કલાક સુધી ચર્ચા ચાલી હતી.

જો કે, મુલાકાત બાદ અલ્પેશે ભાજપમાં જોડાવાની અટકળો પર પૂર્ણવિરામ મૂકતા આવું કંઈ જ ન હોવાનું જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, અઠવાડીયા પહેલા પ્રભારી રાજીવ સાતવે બોલાવેલી કોંગ્રેસની કારોબારીમાં છેલ્લા કેટલાક સમયથી નારાજ અલ્પેશ ઠાકોર ગેરહાજર રહ્યો હતો. અલ્પેશની સાથે બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા પણ નારાજ હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. આ પહેલા ધવલસિંહે પણ પ્રદેશ પ્રભારી સાતવ અને એહમદ પટેલ સાથે અલગ-અલગ બેઠક યોજી હતી, જેમાં પ્રદેશ કોંગ્રેસ વિરુદ્ધ નારાજગી વ્યકત કરી હતી. આ સિવાય અલ્પેશે તાજેતરમાં પોતાની નારાજગી અને ગુજરાતમાં કોંગ્રેસની સ્થિતિને લઈને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. ત્યાર બાદ અલ્પેશ ઠાકોરે ગુજરાતમાં એકતાયાત્રા કાઢી હતી. થોડા દિવસ પહેલાં ભાજપના નેતા શંકર ચૌધરી અને આજે ખુદ રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે અલ્પેશ ઠાકોરની મુલાકાતને લઈ તેના ભાજપમાં જોડાવા અંગેની અટકળો વધુ તેજ બની હતી. ખાસ કરીને કોંગ્રેસના નારાજ જૂથમાં આ વાતને લઈ જોરશોરથી ચર્ચા ચાલી હતી.

પેકેજ પસંદ ન કરનારાઓને માત્ર ફ્રી ચેનલો જોવા મળશે

ગાંધીનગર, તા.૩૧

સેટેલાઇટ ટીવી ચેનલો માટે આજે ટ્રાઈની ડેડલાઇનનો છેલ્લો દિવસ છે. આવતીકાલે ૧લી ફેબ્રુઆરીથી ડીટીએચના નિયમોમાં ફેરફાર થઈ રહ્યો છે ત્યારે ટ્રાઈના નિર્ણયના વિરોધમાં અમદાવાદ શહેરના અંદાજે ૯૦૦ જેટલા કેબલ ઓપરેટર આજે મધરાતથી તમામ પે ચેનલ દર્શાવવાનું બંધ કરશે. આવતીકાલથી મનપસંદ ચેનલ જોવા માટે ગ્રાહકોએ નવી કિંમત અને નવા નિયમો અનુસરવાના રહેશે, ગ્રાહક હવે પોતાની રીતે-હિસાબથી ચેનલના પૈસા ચૂકવી શકશે, એટલે કે હવે ડીટીએચ કંપનીઓ એ ચેનલ નહીં બતાવી શકે, જેને લોકો જોવા નથી માગતા.

ચેનલનું પેકેજ પસંદ નહી કરનાર ગ્રાહકોને માત્ર ફ્રી ચેનલો જ જોવા મળશે. ગ્રાહકને દરેક કનેક્શન દીઠ ૧૩૦રૂ. ઉપરાંત તેની ઉપર ૧૮ ટકા સર્વિસ ટેકસ ચૂકવવો પડશે. ગ્રાહકને ફ્રી ટુ એર માં કુલ ૧૦૦ ચેનલ જોવા મળશે. તે સિવાયની દરેક ચેનલ માટે અલગથી નાણાં ચૂકવવાં પડશે. દરેક ચેનલની કિંમત ફિકસ કરી દેવાઈ છે. દરેક ટીવી ચેનલનું નેટવર્કનું આખું પેકેજ વેચી રહી છે, જો પેકેજથી વધુ ચેનલ ગ્રાહકે જોઈતી હશે તો અલગથી પૈસા આપવા પડશે, ડીટીએચ ઓપરેટરોએ પોતે પોતાના પ્લાન તૈયાર કર્યા છે, તેમાંથી પણ ગ્રાહક ચેનલ મેળવી શકે છે. જો કોઈ પણ ગ્રાહકે માત્ર ને માત્ર ફ્રી ટુ એર ચેનલ જોવી હશે તો તેણે દર મહિને માત્ર ૧૫૪ રૂ. જ ભરવા પડશે.

સંતરા, દાડમ, દ્વાક્ષ અને સફરજનનું શાકના ભાવે વેચાણ

શહેરનાં શાકમાર્કેટમાં શાકભાજીના ભાવ ગગડ્યા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરના શાકમાર્કેટમાં શાકભાજીના ભાવ ગગડ્યા છે. શાકમાર્કેટમાં મોટાભાગના શાકભાજી રૂ. ૧૦ થી ૨૦ ના કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. તો બીજીતરફ ફુટના ભાવમાં પણ ગગડ્યા હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં દાડમ અને સફરજન અને દ્વાક્ષ કિલોના રૂ.૬૦ છે તો બીજીતરફ સંતરા કિલોના ભાવ રૂ.૩૦ છે. જેથી નગરજનો શાકભાજીના ભાવમાં હાલ ફુટ ખરીદી રહ્યા છે. ત્યારે શહેરના માર્ગો પર ટ્રક તેમજ ટ્રેકટરમાં ફુટ લઈને વેચાણ કરતા વેપારીઓ નજરે પડી રહ્યા છે.

શિયાળાની કડકડતી ઠંડીમાં શાકભાજીની આવકમાં વધારો થતા શાકના ભાવમાં નહીવત જોવા મળે છે. શહેરના શાકમાર્કેટમાં કોબી, ફલાવર, સુરતી પાપડી, રીંગણ, વાલોર, રેવૈયા,ડુંગળી,બટાકા, દુધી, ગલકા, ભીંડા, ટામેટા, સહિતના શાકભાજી રૂ.૧૦ થી રૂ.૨૦ માં વેચાઈ રહ્યા છે. પરંતુ ટીડોડા, ગવાર, ચોળી, કારેલા, સુરણના કિલોના રૂ. ૫૦ થી ૬૦ છે. ત્યારે શાકભાજીની સાથે શહેરના માર્કેટમાં ફુટનો પણ વધુ જથ્થો આવી જતા ભાવમાં ગીરાવટ જોવા મળે છે. શહેરના માર્ગો પર ટ્રક કે ટ્રેકટરમાં સફરજન, સંતરા કે દાડમ અને દ્વાક્ષ વેચાણ કરતા વેપારીઓ નજરે પડે છે. ત્યારે આ ફુટના ભાવ શાકભાજીના ભાવની સમાંતર રહેલા છે. સંતરા બજારમાં રૂ.૩૦ કિલોના ભાવે વેચાણ થાય છે, દ્વાક્ષ, દાડમ અને સફરજન રૂ.૫૦ થી ૬૦ ના કિલોના ભાવે વેચાણ થાય છે. શહેરના નાગરીકોને શાકના ભાવમાં ફુટ મળી રહ્યા છે. તો બીજીતરફ શાકના ભાવ પણ સામાન્ય હોવાથી નાગરીકો શહેરના શાકમાર્કેટમાં હોંશે હોંશે ખરીદી કરી રહ્યા છે. જયારે લીલી દુંગળી, ધાણા, લીલું લસણ, પાલકની ભાજી, સવાની ભાજી, મુળા સહિત પણ રૂ. ૧૦માં જરુરીયાત મુજબની જુડી મળી રહે છે.

અમદાવાદમાં સવા ૩૫ ફુટનું શિવલિંગ બનશે

અમદાવાદ, તા.૩૧

અમદાવાદની પવિત્ર ધરતી પર મહાશિવરાત્રી મહોત્સવ સમિતીના તત્વાધાનમાં ભારતની ભવ્ય આધ્યાત્મિક, વૈદિક અને સનાતન સંસ્કૃતિને ઉજાગર કરતો અને નવજીવન ફાઉન્ડેશનનાં અંગ દાનના પવિત્ર વૈદકીય સેવા પ્રકલ્પને સાકાર કરવાના પવિત્ર ઉદ્દેશથી મહાશિવરાત્રી મહોત્સવનું દિવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં શહેરના એસ.જી.હાઈવે પર ઝાયડસ હોસ્પિટલની બાજુમાં ગણેશ ગ્રાઉન્ડના કૈલાશ માનસરોવર ધામ ખાતે ૨૭ લાખ રૂદ્રાક્ષની મદદથી સવા ૩૫ ફુટ ઉંચુ વિશ્વનું સૌથી ઉંચુ શિવલિંગ બનાવવામાં આવશે અને ઉંચા શિવલિંગનો અનોખો રેકોર્ડ કરવામાં આવશે. મહાશિવરાત્રિને લઈ આ આ ભવ્યાતિભવ્ય શિવલિંગના નિર્માણની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જે કાર્યક્રમના ભૂમિપૂજન સહિતની વિધિ આજે રાજયના મહેસૂલમંત્રી કૌશિકભાઈ પટેલ, અમદાવાદ જિલ્લા કલેકટર વિક્રાંત પાંડે, શિવકથાકાર બટુકભાઈ વ્યાસ, સમસ્ત બ્રહ્મસમાજ(રાજયકક્ષા)ના મહામંત્રી યજ્ઞેશ દવે, ધોળેશ્વર મહાદેવના પૂ.૧૦૦૮ મહંત રામસ્વરૂપપુરીજી અને પૂ.કાલીદાસબાપુના હસ્તે ઉપરોકત સ્થળે સંપન્ન કરવામાં આવી હતી. મહાશિવરાત્રિના આ મહોત્સવમાં વિશ્વનું સૌથી ઉંચુ રુદ્રાક્ષ શિવલિંગ નિર્માણ કરી ચાર વાર લિમકા બુકમા સ્થાન પ્રાપ્ત કરી સવા ૩૫ ફુટની નવી ઉંચાઈ સાથે ગિનિસ બુકમાં આ વખતે અમદાવાદ સ્થાપ પ્રાપ્ત કરે તેના પ્રયાસો ચાલી રહ્યા છે. ૨૭ લાખ રૂદ્રાક્ષ મારફતે આ સવા ૩૫ ફુટ ઉંચુ શિવલિંગ નિર્મિત કરાશે. આ મહોત્સવ દરમ્યાન ૨૧ પોથી શિવકથા, ૨૧ કુંડા મહારુદ્ર યજ્ઞ, સમૂહ રુદ્રાભિષેક સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામા આવ્યુ છે.

ગુજરાતમાં નવા ૬.૬૯ લાખ મતદારોનો ઉમેરો

મતદાર યાદીમાં નામ નોંધાવવા કે ફેરફાર કરવા માટે સતત સુધારણા કાર્યક્રમ હાલ જારી રહેશે : ૮૦થી ઉપરની વયના મતદારોની સંખ્યા ૭૩૮૪૦૨ થઇ

ભારતના ચૂંટણી પંચ દ્વારા રાજ્યના તમામ (૭૨-જસદણ વિધાનસભા મત વિભાગ સિવાય) વિધાનસભા મત વિભાગો માટે તારીખ પહેલી જાન્યુઆરી ૨૦૧૯ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા માટેનો એક કાર્યક્રમ જાહેર કરાયો હતો ત્યારબાદ મતદાર તરફથી રજૂ કરવામાં આવેલા હક્ક દાવા અને વાંધા અરજીઓના નિકાલ બાદ રાજ્યમાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મત વિભાગની પ્રસિદ્ધ કરવામાં આવેલી આખરી મતદાન યાદીમાં ૩૧મી જાન્યુઆરી ૨૦૧૯ની સ્થિતિએ મતદારોની સંખ્યામાં ૬૬૯૪૮૫નો વધારો જોવા મળયો હોવાનું રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી ડો. એસ મુરલી કૃષ્ણાએ જણાવ્યું હતું. ગુજરાત રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા ૩૧મી જાન્યુઆરી ૨૦૧૯ની સ્થિતિએ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે જેમાં રાજ્યમાં કુલ ૪૪૭૪૪૭૫૯ મતદારોપૈકી ૨૩૨૫૫૯૩૭પુરુષ મદારો અને ૨૧૪૮૭૭૬૯ સ્ત્રી મતદારો છે. આ ઉપરાંત ત્રીજી જાતિના ૧૦૫૩ મતદારો છે. મતદાર સુધારણા કાર્યક્રમ દરમિયાન ૧૦૬૯૨૩૯ મતદારો ઉમેરાયા હતા. ૩૯૯૭૫૪ મદારો કમી થયા છે, આમ મતદારોન સંખ્યામાં કુલ ૬૬૯૪૮૫ વધારો થયો છે. મુખ્ય નિર્વાચન અધિકારીના જણાવ્યા પ્રમાણે ૩૧મી જાન્યુઆરી ૨૦૧૯ની સ્થિતિએ મતદાર યાદીમાં રાજ્યમાં કુલ ૭૬૫૬૧૨ મતદારો ૧૮થી ૧૯ વર્ષની વય થાત ૮૦ વર્ષથી મોટી વયના કુલ ૭૩૮૪૦૨ મદારો છે. સૌથી મહત્વની વાત એ છે કે, મતદાર યાદીમાં નોંધાયેલા કુલ મતદારો પૈકી ૯૯.૯૯ ટકા મતદારોની ફોટો ઈમેજ મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવી ચે તેમજ ૯૯.૯૯ ટકા મતદારોને ચૂંટણી તંત્ર તરફથી મતદાર ફોટો ઓળખકાર્ડ (ઈપીઆઈસી) આપી દેવામાં આવ્યા છે. મુખ્ય નિર્વાચન અધિકારીના જણાવ્યા પ્રમાણએ ૩૧મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ સંબંધિત મતદાર નોંધણી અધિકારી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલી આખરી મતદાર યાદી મતદાર નોંધણી અધિકારીની કચેરી, મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, પ્રાંત અને મામલતદાર કચેરી, સંબંધિત ભાગના બૂથ લેવલ ઓફિસર, ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૯૫૦, મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ અને ભારતીય ચૂંટણી પંચના રાષ્ટ્રીય મતદાતા સેવા પોર્ટલ (એનવીએસપી દ્વારા ુ.હદૃજૈ.હ ઉપર ઉપલબ્ધ કરવામાં આવી છે. મતદાર ફોટો ઓળખકાર્ડ ધરાવનાર મતદારનું નામ પ્રવર્તમાન મતદાર યાદીમાં સમાવિષ્ટ હશે તો જ સંબંધિત ચૂંટણીમાં મતદાન કરી શકશે, જેથી મતદાર યાદીમાં નામ સમાવિષ્ટ થાય હોવાની ચકાસણી કરી લેવા સર્વે નાગરિકો-મતદારોને અનુરોધ કરવામાં આવે છે. મતદાર યાદીની ૩૧મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ કરવામાં આવેલ આખરી પ્રસિદ્ધિ બાદ પણ પહેલી જાન્યુઆરી ૨૦૧૯ની લાયકાતની તારીખના સંદર્ભમાં ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા લાયકાત ધરાવતા યુવા નાગરિકો તથા મતદાર યાદીમાં નોંધણી માટે લાયક ધરાવતા બાકી રહેલ તમામ નાગરિકો સતત સુધારણા હેઠળ મતદાર યાદીમાં નામ દાખલ કરવા સંબંધિત મતદાર નોંધણી અધિકારીને નિયત નમૂનામાં અરજી કરી શકે છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જાહેર નિવિદા નંબર : એબી/ટીસી/૦૮, સને ૨૦૧૮-૧૯
ટેન્ડર આઈડી નં. ૩૪૬૧૯૧

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી "Procurement of H_2S Vials for the year of 2019-20" માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તિર્ણ થવાનું રહેશે. જે કામની અંદાજીત કિંમત રૂ. ૩૦.૨૪ લાખ, બાનાની રકમ રૂ. ૩૦,૨૪૦/-, ટેન્ડર ફી રૂ. ૧૫૦૦/- છે. ટેન્ડર ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તા. ૧૫/૨/૨૦૧૯ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ wwww.nprocure.com પર ઉપલબ્ધ છે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકારી રહેશે.
માહિતી/૨૭૬૯/૧૮-૧૯

ટેન્ડર કમ જાહેર હરાજી (બીજો પ્રયત્ન)

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મારૂતિ એસ્ટીમ કાર નં. જીજે-૧૮-જી-૧૧૭૩ અને ટાટા સુમો કાર નં જીજે-૧૮-જી-૧૧૭૪ જેની અપસેટ કિંમત અનુક્રમે રૂ. ૨૦,૦૦૦/- અને ૪૦,૦૦૦/- નિયત થયેલ છે. તેનો ટેન્ડર કમ હરાજીથી નિકાલ કરવા માટે ભાવપત્રક અનુક્રમે ૨,૦૦૦/- અને ૪,૦૦૦/- મુજબ રાષ્ટ્રીયકૃત બેંકના ડ્રાફ્ટ / ફીક્સ ડીપોઝીટ રસીદ સાથે સીલબંધ કવરમાં તા. ૫/૨/૨૦૧૯ સુધીમાં ઉપસચિવશ્રી (મહેકમ) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, બ્લોક નં. ૭/૫મો માળ, સચિવાલય, ગાંધીનગર. ટે.નં. ૨૩૨૫૦૪૬૪ને મોકલી આપવા જણાવવામાં આવે છે. આ વાહનની જાહેર હરાજી જે વ્યક્તિ / પાર્ટીએ ભાવપત્રકો સાથે બાનાની રકમ ભરેલ હશે તેમની હાજરીમાં ટેન્ડર ખોલી આ વિભાગના કમિટી રૂમમાં તા. ૭/૨/૨૦૧૯ના રોજ ૧૨.૦૦ કલાકે યોજવામાં આવશે. હરાજીની શરતો આ વિભાગની વેબસાઈટ www.dst.gujarat.gov.in પર મૂકવામાં આવેલ છે.

સહી/-
(વિ. એમ. વસાવા)
ઉપસચિવ
માહિતી/૨૭૮૪/૧૮-૧૯ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ